# પ્રાંતિજમાં કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા વેશભુષા કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં જગત જનની મા જગદંબાનું આરાધના પર્વ નવરાત્રી ઉમંગભેર ઉજવાઈ રહી છે, ત્યારે છઠ્ઠા નોરતે પ્રાંતિજ જન જાગૃતિનો આ પ્રયાસ ખરેખર અન્યો માટે પણ અનુકરણીય છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની સ્ટાઈલ પર ગરબા રમવામાં આવ્યા હતા જેમાં યુવતીઓ ભાઈઓ ગરબા ગાતા જોવાં મળ્યા હતા અને ભગવાન સાંઈબાબાથી લઈને દેશના વિર શહીદો તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ક્રિકેટર તથા ડોર્કટર તથા



ખાતે રહેતા કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા વેશભુષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્વચ્છતા સાથે ટ્રાફિકના નિયમોનું પાલન કરતી થીમ પર ખૈલયાઓ ગરબે રમતા જોવા મલ્યા હતા. નવલી નવરાત્રીમાં બે દિવસ પછીના વરસાદી વિરામ સાથે નવરાત્રીનો રંગ જામ્યો છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામાં નવરાત્રીનો રંગ જામ્યો છે. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા સમાજ તથા અન્ય સમાજ તથા લોકોને સંદેશ આપતી થીમ પર ગરબાની રમઝટ બોલાવતા નજરે પડયા હતા અને સ્વચ્છતા તથા પ્લાસ્ટિક બેગ અંગે સિસોટી અને હાથમાં લાકડી વડે ટ્રાફિક નિયમોનું પાલન કરવા પર ભાર મુકી તેનું પાલન કરવા માટે સંદેશ આપતાં ગરબા રમતાં જોવા મળી હતી. બીજી તરફ ગરબા ખેલૈયાઓમાં યુવાઓ પણ હેલ્મેટ પહેરીને ગરબા ગાતા જોવા મળ્યા હતા. નવરાત્રી ચોકમાં બાઈક સાથે હેલ્મેટ પહેરીને કેટલાક યુવકો નજરે પડયા હતા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાના ઉત્તમ સંદેશ સાથે ખૈલયાઓ મન મુકીને ગરબા રમાય હતા. બીજી તરફ હિન્દુ મુસ્લીમ એકતા પણ નવરાત્રી દરમ્યાન જોવા મળી અને વેશભુષા કાર્યક્રમ દ્વારા મુસ્લીમ સમાજની મહિલાઓ તથા ભારતમાં રહેતાં વિવિધ જ્ઞાતિ કોમના લોકોની ઝાંખી પણ અહીં જોવાં મળી હતી તો બીજી તરફ ગરબાની રમવાની ક્ષણને યાદગીરી રૂપે રાખવા માટે નુવાધનને યાદગીરી રૂપે રાખવા માટે યુવાધનને સહુ કોઈ સેલ્ફી લેતા નજરે પડી રહ્યા હતા. ભાજપનો ઝંડો પણ નવરાત્રીમાં લહેરાતો જોવા મલ્યો હતો. હવે નવરાત્રીના આડે માત્ર ત્રણ દિવસ બાકી છે ત્યારે હાલ તો ખૈલયાઓ મન મુકીને ગરબે ઘુમતા નજરે પડયા હતા અને એક મીનીટ પણ બગાડવા માંગતા ના હોય તેમ વિવિધ થીમ અને ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબા ગાતાં જોવાં મળ્યા હતા.

## ધાનેરા નગરપાલિકામાં વિવિધ સમિતિના ચેરમેનોએ ચાર્જ સંભાળ્યો

ધાનેરા, તા. ૫

ધાનેરા નગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં નવીન પ્રમુખની નિમણૂક કરાઈ જેમાં યુસુફભાઈ બેલીમની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી, ત્યારબાદ કારોબારી સમિતિની પણ નિમણૂક કરવામાં આવેલ કારોબારી સમિતિમાં વિવિધ સમિતીના ચેરમેનની નિમણૂક આજરોજ કરવામાં આવેલ જેનો ચાર્જ સંભાળ્યો હતો જેમાં વાહન વ્યવહાર સમિતિના ચેરમેન શ્રીમતી જગલબેન કાનાજી ઠાકોર, સેનિટેશન સમિતિના ચેરમેન પ્રકાશભાઈ શામળાજી સુથાર, મેહકમ વિભાગના ચેરમેન ખેતાભાઈ ભીલ, સામાજિક વનીકરણ બાગાયત અને ગુમાસ્તાધારા સમિતિના ચેરમેન શ્રીમતી ઝરીનાબેન મુમતાઝભાઈ સોલંકી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શ્રીમતી અંબાબેન જયંતીભાઈ બોઘુએ ચાર્જ સંભાળ્યો હતો.

# મેઘરજ ભેમાપુર સેવા સહકારી મંડળીના સેક્રેટરીએ ૨૮.૮૬ લાખની ઉચાપત કરતાં ફરિયાદ

મંડળીના પૂર્વ ચેરમેને જ સેક્રેટરી વિરૂધ્ધ ફરિયાદ કરી સાબરકાંઠા બેંકના મેનેજર આગળ બે તબક્કે નાણાં ચુકવવાનું કબુલ કર્યા બાદ પણ સેક્રેટરીએ નાણાં પરત ન ચુકવતા આખરે સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં મંડળીઓમાં ઉચાપત થવા અંગેના અહેવાલો અગાઉ પણ પ્રસિધ્ધ થઈ ચુક્યા છે. ત્યારે તાજેતરમાં જ મેઘરજ તાલુકાના ભેમાપુર સેવા સહકારી મંડળીના સેક્રેટરીએ પોતાના અંગત કામે મંડળીના ૨૮.૮૬ લાખ ઉપરાંતની ઉચાપત કરી દીધી હોવાનું મંડળીની ઓડિટ દરમિયાન બહાર આવ્યું હતું. આ અંગેની જાણ ચેરમેને સાબરકાંઠા બેંકને કરી હતી. જેથી સેક્રેટરીએ બેંક મેનેજર આગળ બે તબક્કામાં નાણાં મંડળીમાં જમા કરાવવા કરાવવા કબુલ કર્યું હતું, પરંતુ નાણાં પરત ન કરતાં ચેરમેને જિલ્લા રજીસ્ટ્રાર આગળ રાજીનામુ ધરી દીધું હતું અને સેક્રેટરી વિરૂધ્ધ મેઘરજ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. જેના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે માલપુર તાલુકાના ભેમાપુર સેવા સહકારી મંડળીના ચેરમેન દુધાભાઈ લક્ષ્મણભાઈ કટારા (રહે.ભેમાપુર, મેઘરજ) એ મેઘરજ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ૨૦૧૪થી ૨૦૧૬ના વર્ષ દરમિયાન જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ અરવલ્લીના ઓડિટર એસ.બી. ગામેતી દ્વારા ઓડિટ કરવામાં આવતાં તેમના ઓડિટ રીપોર્ટ પ્રમાણે ભેમાપુર મંડળીના સેક્રેટરી ભરતભાઈ પરથુભાઈ કટારા (રહે.ભેમાપુર, મેઘરજ) એ મંડળીના રૂપિયા ૨૮,૮૬,૩૫૦ પોતાના અંગત કામે વાપરી નાખ્યા હોવાનું જણાઈ આવ્યું હતું. જે બાબતની જાણ મંડળીના ચેરમેને સાબરકાંઠા બેંકને કરી હતી. જેથી ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ સેક્રેટરીએ સાબરકાંઠા બેંકના મેનેજરને રૂબરૂ મુલાકાત કરી કબુલાતનામું લખી આપ્યું હતું કે આ તમામ રકમ પોતે બે તબક્કામાં ચુકવી આપશે પરંતુ રકમ ચુકવી નહોતી. મંડળીમાં સેક્રેટરી દ્વારા ઉચાપત કરવામાં આવી હોવાથી ચેરમેને જિલ્લા રજીસ્ટ્રારને રાજીનામુ મોકલી આપ્યું હતું અને જિલ્લા રજીસ્ટ્રારે રાજીનામુ મંજૂર રાખી મંડળીમાં વહીવટદારની નિમણૂંક કરી હતી. ત્યારબાદ જિલ્લા રજીસ્ટ્રાર તરફથી પૂર્વ ચેરમેનને મંડળીમાં થયેલી ગેરરિતી બાબતે કારણદર્શક નોટીસ આપી હતી અને રૂબરૂ હાજર રહેવા જણાવ્યું હતું. જેના પગલે ચેરમેન અન્ય સભ્યોને લઈને જિલ્લા રજીસ્ટ્રાર સમક્ષ હાજર થયા હતા. બાદમાં પૂર્વ ચેરમેને મેઘરજ પોલીસ મથકમાં ભેમાપુર સેવા સહકારી મંડળીના સેક્રેટરી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સેક્રેટરીએ કયા નાણાં વાપર્યા

ભેમાપુર સેવા સહકારી મંડળીના પૂર્વ ચેરમેને મેઘરજ પોલીસ મથકમાં લખાવેલી ફરિયાદ મુજબ મંડળીના સેક્રેટરી ભરતભાઈએ મંડળીમાં પોતાની ફરજ દરમિયાન ૧૮ સભાસદોના નામે ઉધારેલી રકમમાં ૨૧,૨૦,૩૫૮ તેના ઉપરનું વ્યાજ ૫,૯૩,૪૯૨ તેમજ પગાર એડવાન્સ રૂપિયા ૧,૧૦,૦૦૦ અને વ્યાજ ૬૨,૫૦૦ મળી કુલ રૂપિયા ૨૮,૮૬,૩૫૦ની મંડળીના નાણાંની કાયમી ઉચાપત કરી ગેરરિતી આચરી હતી.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે સાઠંબાની પ્રાથમિક શાળામાં પહોંચ્યા

અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર હાલ



જિલ્લાની સિસ્ટમને ઠીક કરવા તેમજ વિવિધ બદલાવ કરવા માટે સરકારી કચેરીઓ તેમજ શાળાઓની મુલાકાત કરી રહ્યા છે. જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર આજે અચાનક સાઠંબાની સરકારી શાળા નંબર-૨ ની ઓચિંતી મુલાકાતે પહોંચી ગયા હતા, જ્યાં તેમણે મધ્યાહન ભોજન અંગે ચકાસણી કરી હતી. તેમણે શાળામાં મધ્યાહન ભોજન સમયે જ પહોંચી ગયા હતા અને બાળકોને શાળામાં મળતા ભોજન અંગે બાળકો સાથે સહજ ભાવે ચર્ચા કરી હતી. બાળકોને મધ્યાહન ભોજનમાં શું-શું મળે છે અને ભોજન કેવું મળે છે તે અંગે જિલ્લા કલેક્ટરએ પૂછપરછ કરી હતી. આજે જ્યારે કલેક્ટર સાઠંબાની સ્કૂલમાં ઓચિંતા પહોંચી ગયા હતા. જ્યાં બાળકો માટે તૈયાર બનાવેલ પુલાવની લિજ્જત માણી હતી. બાળકો સાથે જ અરવલ્લી જિલ્લા કલેકટર સાદગીથી ભોજન જમ્યા હતા.

જિલ્લામાં પોસ્ટિંગ બાદ જિલ્લા કલેક્ટર દ્વારા આ પહેલા પણ વિવિધ શાળાઓની મુલાકાત કરી ચૂક્યા છે, જ્યાં બાળકોને ભણાવતા પણ નજરે પડ્યા હતા. એટલું જ નહીં એક બાળકને દાખલો પણ શિખવ્યો હતો. મહિલાઓની મદદ હોય કે, વિધવા મહિલાઓને પેન્શન યોજના ચાલુ કરવાના આદેશ હોય, ત્વરિત નિર્ણય લઈને લોકહિતમાં કાર્ય કરીને અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરએ લોકોની સેવામાં અગ્રેસર રહ્યા છે.



**ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં નવરાત્રિની ઉજવણી કરાઈ**

ધનસુરાની એઈસી ઈન્ટરનેશનલ સ્કૂલમાં નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો તહેવારોનું મહત્વ જાણે એ હેતુથી સ્કૂલોમાં વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં નવરાત્રિની ઉજવણીના ભાગરુપે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોએ રંગબેરંગી ટ્રેડિશનલ કપડાંમાં ભાગ લીધો હતો. બાળકોએ ગરબા રમી ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ રાજકુમારી રાઠોડ અને સ્કૂલના શિક્ષકોએ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# યાત્રાધામ અંબાજી ખાતે હિન્દુ સમાજ પાર્ટીની મીટીંગ યોજાઈ

અંબાજી, તા. ૫

યાત્રાધામ અંબાજી ખાતે આવેલ કૈલાશ ટેકરી મહાદેવ મંદિર ખાતે હિન્દુ સમાજ પાર્ટીના રાષ્ટ્રીય પાર્ટીના કાર્યકર્તા તે ઘટનાને વખોડીને સખદ વિરોધ કરશે. હિન્દુ સમાજ પાર્ટી રાજનીતિની સાથે સાથે ગૌરક્ષા, લવ જિહાદ, સહિત અન્ય હોદાઓની નિમણુક કરવામાં આવી હતી. આ મિટિંગ બાદ જૈમિન દવે, ગોવિંદ માલવિયા, નકુલ પાઠક,



યુવા અધ્યક્ષ (ગુજરાત પ્રદેશ અધ્યક્ષ) જૈમિન દવેના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. મિટિંગમાં હિન્દુ સમાજ પાર્ટી અંબાજીની ટીમની નિમણુક કરવામાં આવી હતી.

જૈમિન દવેએ જણાવ્યું હતું કે હિન્દુ સમાજ પાર્ટી એક માત્ર હિન્દુ વિચારક પાર્ટી છે જે હંમેશા હિન્દુત્વની ભાવનાથી કાર્ય કરે છે. હિન્દુ સમાજ ઉપર જ્યાં જ્યાં અત્યાચાર થશે હિન્દુ સમાજ રામ મંદિર નિર્માણના એવા અનેક મુદ્દાઓ પર કાર્ય કરી રહી છે. આ મિટિંગમાં અંબાજીની ટીમનું નિમણુક કરવામાં આવી હતી. અંબાજી શહેર યુવા અધ્યક્ષ તરીકે મુકેશ બારોટ, અંબાજી શહેર મહાસચિવ તરિક જય શર્મા, અંબાજી શહેર સચિવ તરીકે મનીષ દેસાઈ, અંબાજી શહેર યુવા સંગઠન મંત્રી તરીકે વસંત બારોટ, અંબાજી શહેર સંગઠન મંત્રી તરીકે ભાવેશ પટેલ દીપકભાઈ સહિત અંબાજી મંદિરના ગર્ભગૃહમાં જઈ મા એમના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. આ મિટિંગમાં ગુજરાત પ્રદેશ કોર કમિટીમાંથી પ્રવીણભાઈ રાજસ્થાન પ્રદેશ મહાસચિવ ગોવિંદજી માલવિયા સહિત અન્ય કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં જય જય શ્રી રામ વંદે માતરમ્ના જયઘોષ સાથે સમાપ્ત કરવામાં આવી હતી.

# ગુજરાતમાં છ બેઠકો પર ત્રિકોણીય જંગ થઈ શકે

ગુજરાતમાં છ વિધાનસભા સીટ પર ૨૧મી ઓક્ટોબરના દિવસે યોજાનાર પેટાચૂંટણીને લઈને તૈયારી ચરમસીમા પર પહોંચી ચુકી છે. સામાન્ય રીતે તો ગુજરાતમાં હમેંશા કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે જ સીધી સ્પર્ધા રહે છે. જો કે આ વખતે ત્રિકોણીય સ્પર્ધા હોવાનુ જાણવા મળ્યુ છે. છ સીટો પર ત્રિકોણીય જંગ ખેલાનાર છે. એનસીપી દ્વારા તમામ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારી દીધા બાદ હવે ચૂંટણી ત્રિકોણીય બની રહી છે. નામ પરત લેવાની અવધિ પૂર્ણ થઈ ગયા બાદ હવે ચિત્ર વધારે સ્પષ્ટ થઈ ગયુ છે. ચૂંટણી મેદાનમાં કુલ ૪૨ ઉમેદવારો રહ્યા છે. સૌથી વધારે ૧૧ ઉમેદવારો અમરાઈવાડી વિધાનસભામાં રહેલા છે. જ્યારે રાધનપુર વિધાનસભામાં કુલ ૧૦ ઉમેદવારો વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળી રહી છે.

# પાદરા તાલુકાના ચાણસદ ગામના પ્રમુખ પ્રવાસન યાત્રાધામ તરીકે વિકાસ માટેના આયોજન અન્વયે વિકાસકામોનું કર્યું ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા. ૫

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વ પ્રવાસનનું સ્થળ બની રહ્યું છે અને ૩૧મી ઓક્ટોબર સુધીમાં એના મુલાકાતીઓનો આંકડો ૩૫ લાખને વટાવી જશે એનો આનંદ કર્યું છે. પવિત્ર ભૂમિ ચાણસદના નમૂનેદાર વિકાસનું આ પ્રથમ સોપાન છે એવી લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે પવિત્ર યાત્રાધામ વિકાસ આયોજનમાં ચાણસદ અને વડતાલનો સમાવેશ રહેલું નિર્માણ એમના દિવ્ય પ્રભાવનો પુરાવો આપે છે.

સમાજ જીવનમાં સંત પર અતૂટ વિશ્વાસ હોય છે એવી લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે ગુજરાત તપસ્વી સંતો-



વ્યક્ત કરતા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે ગુજરાત પવિત્ર યાત્રાધામો અને પ્રવાસનના વિકાસમાં દેશમાં દીવાદાંડી બનશે.

મુખ્યમંત્રીએ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની જે જન્મભૂમિ છે, એવા પાદરા તાલુકાના ચાણસદ ગામના શ્રદ્ધા તીર્થ જેવા ચાણસદ ગામે બહુવિધ વિકાસ આયોજનોના અમલિકરણનું ખાતમુહૂર્ત કર્યું હતું. પ્રવાસન વિભાગે દસ કરોડ રૂપિયાના ખર્ચે આ ગામમાં પ્રવાસન સુવિધાઓના વિકાસનું આયોજન કરવામાં આવ્યો છે અને ચાણસદને વિશ્વના નકશામાં મુકવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે જે ગામ અને પરિવારમાં પ્રમુખ સ્વામીજી જેવા મહાપુરુષો જન્મે એને જાણવા અને જોવા વિશ્વના લોકો ઉત્સુક હોય છે. સ્વામી વિવેકાનંદજીના વિશ્વ ધર્મ પરિસદમાં પ્રવચન પછી પ્રમુખ સ્વામી મહારાજે વિશ્વના અનેક દેશોમાં મંદિરોનું નિર્માણ કરી ધર્મધજા ફરકાવી એવી જ નામના અપાવી છે. મુસ્લિમ પ્રભાવવાળા અબુધાબીમાં ભવ્ય મંદિરનું થઈ શુરાઓની ભૂમિ છે અને આ સંતોની દિવ્યતાએ ગુજરાતને સંસ્કારી, સલામત, આધ્યાત્મિક અને ચેતના સભર બનાવ્યું છે. સંતો સમાજને સુખી અને સંપન્ન બનાવે છે એવી લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે પૂજ્ય પ્રમુખ સ્વામીએ લોકોની સાથે રહીને, લોકોને સાથે લઈને વ્યક્તિ અને સમાજને બદલ્યો છે, વ્યસનમુક્ત અને સ્વસ્થ કર્યો છે. આવું કામ માત્ર પરમ સંત હોય એ જ કરી શકે. એમણે બાપ્સ સંસ્થાની વ્યક્તિ અને સમાજ નિર્માણ તેમજ સેવા પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

# અનંતનાગ : ત્રાસવાદીઓનો ફરી ગ્રેનેડ હુમલો

**ડીસીની ઓફિસની બહાર ફરીથી ગ્રેનેડ ઝીંકીને ત્રાસવાદી ફરાર થતાં અંધાધૂંધી અને દહેશત ફેલાઈ : ઘાયલોમાં એક પોલીસ જવાન સામેલ : ઉંડી શોધખોળ**

શ્રીનગર,તા. ૫

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓ હચમચી ઉઠ્યા છે. આજે જ મોદી સરકારના આ પગલાના બે મહિના પૂર્ણ થઈ ચુક્યા છે. બીજી બાજુ આજે અનંતનાગ જિલ્લામાં ત્રાસવાદીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો. બીસી ઓફિસની બહાર ગ્રેનેડ ઝીંકવામાં આવ્યો હતો જેમાં ટ્રાફિક પોલીસના એક જવાન સહિત ૧૪ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલાઓમાં એક પત્રકારનો પણ સમાવેશ થાય છે. જમ્મુ કાશ્મીરને ખાસ રાજ્યનો દરજ્જો આપતી કલમ ૩૭૦ની જોગવાઈને દૂર કરવામાં આવ્યા બાદ બીજી વખત ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો છે. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, અનંતનાગમાં કઠોર સુરક્ષા ધરાવતા ડીસી ઓફિસ સંકુલની બહાર ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. સવારે ૧૧ વાગ્યાની આસપાસ ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. ગ્રેનેડ ટાર્ગેટ ચુકી જતાં માર્ગની નજીક ફાટી ગયો હતો જેમાં ટ્રાફિક પોલીસના એક કર્મી અને પત્રકાર સહિત ૧૪ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ ૧૩ને રજા આપી દેવામાં આવી હતી જ્યારે એક હજુ પણ સારવાર હેઠળ છે. ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સુરક્ષા દળોએ વ્યાપક શોધખોળ હાથ ધરી છે. આપહેલા શ્રીનગરના નવાકદલ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે તૈનાત કરવામાં આવેલા સુરક્ષા દળો ઉપર ત્રાસવાદીઓએ ૨૮મી સપ્ટેમ્બરના દિવસે ગ્રેનેડ હુમલો કર્યો હતો જેમાં કોઈને ઈજા થઈ ન હતી. બીજી બાજુ ચૂંટણીને લઈને પણ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. સ્થાનિક ચૂંટણી હવે યોજાનાર છે. જમ્મુક્ષેત્રના મોટાભાગના નેતાઓની નજરબંધી ખતમ કરી દેવામાં આવી છે. મંગળવારના દિવસે જાહેરનામુ જારી કરાયું હતું. ૨૪મી ઓક્ટોબરના દિવસે ચૂંટણી યોજાશે. રાજ્યપાલના સલાહકાર ફારુખ ખાને સંકેત આપ્યા છે કે, જમ્મુ બાદ કાશ્મીરના નેતાઓની નજરબંધીને ખતમ કરવામાં આવશે. હુમલા બાદ સુરક્ષા દળોને વધારે એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ત્રાસવાદીઓની વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે જમ્મુ કાશ્મીરથી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ આ ગાળાને બે મહિનાનો સમય થઈ ગયો છે.

# રોહિત શર્માનો મેચમાં સૌથી વધુ છગ્ગાનો રેકોર્ડ

વિશાખાપટ્ટનમ ખાતે રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે ચોથા દિવસે શ્રેણીબદ્ધ રેકોર્ડ સર્જાયા હતા. ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ એક મેચમાં સૌથી વધારે છગ્ગાનો રેકોર્ડ કર્યો હતો. આ ઉપરાંત અનેક રેકોર્ડ તોડ્યા હતા. વિશાખાપટ્ટનમ ટેસ્ટ મેચમાં આજે જીતવા માટેના લક્ષ્યાંકનો પીછો કરતા રમત બંધ રહી ત્યારે આફ્રિકાએ ૧ વિકેટે ૧૧ રન કર્યા હતા. જીતવા માટેના ૩૯૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા આફ્રિકાએ એક વિકેટ ગુમાવી દીધી હતી. રમત બંધ રહી ત્યારે ભારતીય ટીમ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી હતી. આવતીકાલે પાંચમા અને અંતિમ દિવસે આફ્રિકાને બીજા ૩૮૪ રનની જરૂર રહેશે. ભારતની સ્થિતિ અતિ મજબૂત દેખાઈ રહી છે અને જીતવાની તક રહેલી છે. આજની રમતની મુખ્ય વિશેષતા રોહિત શર્માની રેકોર્ડ ઈનિંગ્સ રહી હતી. રોહિત શર્મા પ્રથમ ઈનિંગ્સમાં ૧૭૬ રન બનાવ્યા બાદ બીજી ઈનિંગ્સમાં ૧૨૭ રન કરીને આઉટ થયો હતો. રોહિતે આ મેચમાં કુલ ૧૩ છગ્ગા ફટકાર્યા હતા. પ્રથમ ઈનિંગ્સમાં છ અને બીજી ઈનિંગ્સમાં સાત છગ્ગા ફટકાર્યા હતા. એક મેચમાં ૧૩ છગ્ગા ફટકારનાર રોહિત શર્માએ પાકિસ્તાનના વસીમ અક્રમનો રેકોર્ડ તોડ્યો હતો. અક્રમે ઓક્ટોબર ૧૯૯૬માં ૨૫૭ રનની ઈનિંગ્સ રમી હતી જેમાં ૧૨ છગ્ગા ફટકાર્યા હતા. આ મેચની બીજી ઈનિંગ્સમાં રોહિત શર્માએ નવમી સદી ફટકારતાની સાથે જ સિદ્ધૂના રેકોર્ડને તોડ્યો હતો. ત્યારબાદ પણ આક્રમક બેટિંગ જારી રહી હતી. રોહિત શર્મા ભારત માટે એક વનડે મેચમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ ધરાવે છે. ઓસ્ટ્રેલિયાની સામે બીજી નવેમ્બર ૨૦૧૩ના દિવસે બેંગ્લોરમાં ૨૦૯ રનની ઈનિંગ્સમાં ૧૬ છગ્ગા ફટકાર્યા હતા. રોહિતે ટ્વેન્ટી ક્રિકેટમાં પણ ભારત માટે એક મેચમાં સૌથી વધારે છગ્ગા ફટકારનાર બેટ્સમેન છે. રોહિતે શ્રીલંકાની સામે ઈન્દોરમાં ૨૨મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે ૧૧૮ રનની ઈનિંગ્સમાં ૧૦ છગ્ગા ફટકાર્યા હતા. રોહિત શર્મા બંને ઈનિંગ્સમાં ટેસ્ટ સદી ફટકારનાર છઠ્ઠો ભારતીય બેટ્સમેન બન્યો હતો. આ પહેલા વિજય હજારે, સુનિલ ગાવસ્કર અને રાહુલ દ્રવિડે આ કારનામો કર્યો હતો. વિરાટ કોહલી અને રહાણે પણ આ કારનામો કરી ચુક્યા છે. ઓપનર તરીકે પ્રથમ જ ટેસ્ટમાં સૌથી વધુ રનનો રેરોક્ડ પણ રોહિતે પોતાના નામ ઉપર કર્યો છે.

## મોરપીંછના રંગ •

ચોથા પાનાનું ચાલુ

અપનાવી લે છે. તેથી કોપરના ગુણો અપનાવીને આપણા શરીરની આંતરિક સિસ્ટમને મજબૂત કરવામાં મદદ કરે છે.

આજકાલ આપણે પ્લાસ્ટિકના ગુલામ થતા જઈએ છીએ, તો બીજી તરફ મોદી સરકાર આખા દેશમાંથી પ્લાસ્ટિક હટાવવાની ઝૂંબેશ ચલાવીને માનવજીવન અને પર્યાવરણ સુધારવાની યોજના સાકાર કરી રહી છે ત્યારે આપણે પણ પ્લાસ્ટિક બૉટલોને ત્યજીને ઘરમાં દરેક વ્યક્તિ દીઠ પાણી ભરવા માટે ત્રાંબાની એક બૉટલ સાથે રાખવી જોઈએ. સ્કૂલ, ઓફિસ. નોકરી, ધંધે, પ્રવાસ કે બધી જ ત્રાંબાની બૉટલ સાથે રાખવાથી ઘણી બધી સમસ્યાઓ આપોઆપ દૂર રહે છે.

- 9426060601.india@gmail.com

## અભિષેક થશે... • અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુર્વે થી જ આરોગ્ય કેન્દ્રમાં ઓપીડી શરૂ કરી દેવા માટે તેમજ મંદિર અને ગામમાં અપાતા પાણી પુરવઠામાં ક્લોરિનેશન પણ યોગ્ય કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. જયારે ગામના રસ્તાઓનુ પણ સમારકામ હાથ ધરાયુ છે. આ વખતે પલ્લીના મેળામાં ૧૦ લાખથી વધુ માંઈભક્તો ઉમટશે તેવો અંદાજ છે. માતાજીના ભવ્ય પલ્લી રથ પર ઘી નો અભિષેક પણ ભાવિકો ઉત્સાહ પુર્વક કરે છે ગામના વિવિધ ૨૭ જેટલા ચોક અને ચોરા પર ઘી રાખવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. માતાજીની પલ્લી રથ પર ૪ લાખ કીલોથી વધુ ઘીનો અભિષેક થશે.પલ્લી મેળા દરમિયાન કોઈપણ પ્રકારનો અનઈચ્છનિય બનાવ ન બને તે માટે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જડબેસલાક પોલીસ બન્દોબસ્ત પણ રાખવાનુ આયોજન કરાયુ છે. ટ્રાફિકની સમસ્યાને ડામવા માટે આર ટી ઓ તેમજ ટ્રાફિક પોલીસને તહેનાત રહેવા માટે સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત ભક્તોને સરળતા અને સગવડ મળી રહે તે માટે એસ ટી દ્વારા પણ વધારાની બસો દોડાવાશે. પલ્લી મેળાને અનુલક્ષી વિવિધ ૭ સ્થળે પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે ૮ જેટલા એલ ઈ ડી થી પલ્લી મેળાનુ લાઈવ પ્રસારણ કરાશે. સલામતીના ભાગરૂપે સી સી કેમેરાની વોચ પણ રહેશે. ડી વાય એસ પી, પી આઈ તેમજ પી એસ આઈ સહીત ૫૦૦ પોલીસના અને ૨૦૦ હોમગાર્ડના જવાનો બન્દોબસ્તમાં તહેનાત રહેશે.ભાવિકો માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રૂપાલના વરદાયિની મંદિરના જિર્ણોધ્ધારનુ કામ પ્રગતિ હેઠળ છે. ત્યારે મંદિરના કામ માટે ભાવિકોને દાન આપવા માટે પણ અપીલ કરવામાં આવી છે.